**બિન સરકારી (અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ નક્કી કરવા બાબત.**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-ઓડી-૦૮-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.:૬/૧/૨૦૧૫.

**<u>વંચાણમાં લીધા:</u>**

૧) શિક્ષણ વિભાગનો તા.૧-૦૮-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-ઓડી-૦૮-ગ

૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તા.૧૬-૧૦-૨૦૧૪નો પત્ર ક્રમાંક: ઉમબ/ઉમા.૮-૯/સેટઅપ/ ૨૦૧૪/૭૩૭૬

<u>આમુખ:</u>

બિન સરકારી (અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ અને સંવર્ગના સેટ-અપ માટે શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા આધારિત માપદંડ તારીખ: ૧/૮/૨૦૧૧ સમાન ક્રમાંકના ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે.

સદરહુ ઠરાવના ફકરા-૧ માં "જૂન-૨૦૧૧ થી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓની સંખ્યા આખરી કરીને કમિશ્નરશ્રી શાળા કક્ષાએ નવા માપદંડ મુજબ દરેક શાળાએ બિન શૈક્ષણિક કર્મચારીઓનું સેટ-અપ મંજૂર કરાવી લેવાનું રહેશે." તેમ જણાવી આ સત્તા કમિશ્નરશ્રી, શાળાઓની કક્ષાએ આપવામાં આવેલ તેમાં સુધારો કરવા કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીએ ઉપર વંચાણે લીધા ક્રમાંક (૨)ના પત્રથી જિલ્લાની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના નિયંત્રણ અધિકારી જિલ્લા શિક્ષણાધિકારી હોવાથી તેમજ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓની બઢતી આપવાની સત્તા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની હોવાથી વિદ્યાર્થી સંખ્યાનું સેટ અપ જો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપવામાં આવે તો બિનશૈક્ષણિક કર્મચારીઓની એન.ઓ.સી/બઢતી આપવાની કામગીરી ઝડપથી થઇ શકે તેથી આવી શાળાઓના વિદ્યાર્થીઓનું સેટઅપ મંજૂર કરવાની સત્તા જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએ આપવા દરખાસ્ત કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધા ક્રમાંક ૧)ના આ વિભાગના તા.૧-૦૮-૨૦૧૧ના સમાન ક્રમાંકના ઠરાવના ફકરા-૧ માં પાછળના પાના પર દર્શાવ્યા મુજબનો સુધારો કરવામાં આવે છે:

"નવા માપદંડ અને સેટ અપ મુજબ મંજૂર થતી નવી જગ્યાઓ જે તે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા પર આધારિત છે અને વિદ્યાર્થીઓની સંખ્યા દર વર્ષે બદલાતી રહે છે. તેથી નવા માપદંડ મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા આધારિત બિનશૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યા બળ જુન-૨૦૧૧થી નવા શરૂ થતા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓની સંખ્યા આખરી થયેથી જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએ નવા માપદંડ મુજબ દરેક શાળાએ બિનશૈક્ષણિક કર્મચારીઓનું સેટ અપ મંજુર કરાવી લેવાનું રહેશે."

આ વિભાગના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક ૧)ના તા.૧-૦૮-૨૦૧૧ના સરખા ક્રમાંકી ઉપરાંતની અમલી બનેલ ભરતીના તમામ માપદંડ યથાવત રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૩-૧૨-૨૦૧૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એમ.મિસ્ત્રી)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રિબ્યુનલ, રાયખડ, ખમાસા, અમદાવાદ.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ.